RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૩   બુધવાર તા.૨૬-૦૮-૨૦૨૬   અંક : ૨૪૯ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# જમ્મુ-કાશ્મીરમાં હેરોઈનની દાણચોરીના નેટવર્કનો પર્દાફાશ

## 5.KG હેરોઈન સાથે માસ્ટરમાઈન્ડ ૩ લોકોને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ દબોચ્યા, પાકિસ્તાનથી આવ્યું હોવાની આશંકા

જમ્મુ,

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ જમ્મુ અને કાશ્મીરમાં હેરોઈનની દાણચોરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ગુપ્ત માહિતીના આધારે, દ્રઝમ જમ્મુની ટીમે કુલ ૫.૧૬૦ કિલો હેરોઈન જપ્ત કર્યું. આ કેસના સંબંધમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં સમગ્ર નેટવર્કનો કથિત માસ્ટરમાઈન્ડ પણ સામેલ છે. NCBને ૨૨ ઓગસ્ટ,ના રોજ હેરોઈનની દાણચોરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી. ત્યારબાદ, ટીમે જમ્મુના પંજતીર્થી વિસ્તારમાં એક વાહન અટકાવ્યું અને તેની તપાસ કરી. બે કબજેદારોની શોધખોળ દરમિયાન મોટી માત્રામાં હેરોઈન મળી આવ્યું. બંને આરોપીઓ બારામુલ્લાના રહેવાસી છે અને તેમની સ્થળ પર જ ધરપકડ કરવામાં આવી હતી.

પૂછપરછ અને પ્રાથમિક તપાસમાં દ્રઝમ ને નેટવર્ક સાથે જોડાયેલા અન્ય એક વ્યક્તિ વિશે મહત્વપૂર્ણ માહિતી મળી. તપાસમાં બહાર આવ્યું કે આ બારામુલ્લાનો રહેવાસી કથિત રીતે આખા ડ્રગ નેટવર્ક પાછળનો માસ્ટરમાઈન્ડ અને સપ્લાયર હતો. આ પછી, NCB એ તેની શોધખોળ વધુ તીવ્ર બનાવી.

સતત ગુપ્ત માહિતી એકત્રિત કરતા, NCB ટીમે આરોપીને લેહ, લદ્દાખ સુધી શોધી કાઢ્યો. ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. આમ, જમ્મુમાં હેરોઈનનો જથ્થો પકડાયાના માત્ર બે દિવસમાં, તપાસ એજન્સી કથિત માસ્ટરમાઈન્ડને શોધી કાઢવામાં અને ધરપકડ કરવામાં સફળ રહી. NCB ની પ્રારંભિક તપાસમાં આ હેરોઈન દાણચોરીની કામગીરી સાથે સરહદ પાર જોડાણ હોવાનું જણાય છે. એજન્સીને શંકા છે કે જપ્ત કરાયેલ હેરોઈન પાકિસ્તાનમાં ઉદ્ભવ્યું હતું અને ઉરી સરહદ સેક્ટર દ્વારા ભારતમાં લાવવામાં આવ્યું હતું.

જોકે, પાકિસ્તાન સ્થિત વ્યાપક સરહદ પાર નેટવર્ક અને સંભવિત સપ્લાયર્સની ભૂમિકાઓ હાલમાં વિગતવાર તપાસ હેઠળ છે. દ્રઝમ ડ્રગ્સનું પરિવહન કરતા વાહકો સુધી મર્યાદિત રહેવાને બદલે સમગ્ર નેટવર્કને તોડી પાડવાનો હેતુ ધરાવે છે. તપાસ એજન્સી આ નેટવર્ક પાછળના સરહદ પાર સપ્લાયર્સ, નાણાકીય વ્યવહારોની પદ્ધતિઓ, ડ્રગ્સનું પરિવહન કરવામાં સામેલ ટ્રાન્સપોર્ટર્સ અને જમ્મુ અને કાશ્મીરમાં સ્થાનિક સાથીદારોને ઓળખવા માટે કામ કરી રહી છે. વધુમાં, તપાસકર્તાઓ જપ્ત કરાયેલ હેરોઈનના હેતુસરના સ્થળ અને તે વ્યક્તિઓને શોધી રહ્યા છે જેમની વચ્ચે તે વિતરણ કરવાનું હતું.NCB ની તપાસ અને ગુપ્ત માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલુ છે. એજન્સી પાકિસ્તાનથી ભારતમાં હેરોઈન પરિવહન કરવા માટે ઉપયોગમાં લેવાતા નેટવર્કને ઓળખવા જમ્મુ અને કાશ્મીરમાં તે કોણે મેળવ્યું તે ઓળખવા અને દેશમાં ઈચ્છિત પ્રાપ્તકર્તાઓને શોધવા માટે કામ કરી રહી છે. તપાસ આગળ વધતાં વધુ ધરપકડો અને જપ્તીઓ થવાની સંભાવના છે.




## નીતિન ગડકરીની રાજનીતિમાંથી નિવૃત્તિની અટકળો પર પૂર્ણવિરામ

### તેમના દ્વારા બનાવાયેલા 'લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ' વિશે વાત કરી રહ્યા હતા

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના 'નવી પેઢીને તક આપવી જોઈએ' વાળા નિવેદન અંગે તેમના કાર્યાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. તેમના કાર્યાલયનું કહેવું છે કે, તેઓ લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ અંગે વાત કરી રહ્યા હતા, અને આ નિવેદનનો કોઈ રાજકીય અર્થ કાઢવો જોઈએ નહી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ નાગપુરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, તેઓ હવે પહેલા જેટલું કામ કરી શકતા નથી અને હવે સમય આવી ગયો છે કે, નવી પેઢીને જવાબદારી સોંપવામાં આવે. તેમના આ નિવેદન બાદ રાજકીય ગરમાવો આવી ગયો હતો. પરંતુ હવે તેમના કાર્યાલય તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે કે, આ નિવેદન એક સામાજિક ટ્રસ્ટના સંદર્ભમાં હતું.

ગડકરીના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ 'લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ' વિશે વાત કરી રહ્યા હતા, જે તેમના દ્વારા બનાવવામાં આવેલું એક સંગઠન છે, અને તે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાલયો ચલાવે છે. આ સંદર્ભમાં ગડકરીએ કહ્યું હતું કે, તેઓ હવે ટ્રસ્ટ માટે વધુ સમય આપી શકતા નથી, તેથી નવી પેઢીને આ જવાબદારી સોંપવાની જરૂર છે. આ વાત માત્ર ટ્રસ્ટના કામકાજ અને તેના ભવિષ્યના નેતૃત્વ સાથે જોડાયેલી હતી. નાગપુરના આ કાર્યક્રમમાં તેમણે વિકાસ કાર્યો વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, તેમનું લક્ષ્ય છે કે મહારાષ્ટ્રનું એક પણ આદિવાસી ગામ વીજળીથી વંચિત ન રહે.

## ગુજરાતની ૨૧ ટ્રેનો હવે ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે!

### અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં LHB કોચ સાથે ૨૨ ડબ્બા જોડાશે. આ ફેરફારથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશનો પ્રવાસ ઝડપી બનશે

મુંબઈ,

પશ્ચિમ રેલવેએ મુસાફરીનો સમય ઘટાડવા ગુજરાતની ૨૧ સહિત ૨૩ લોકપ્રિય ટ્રેનોની મહત્તમ ગતિ ૧૧૦ થી વધારી ૧૩૦ કિમી/કલાક કરવાની મંજૂરી આપી છે. ૨૨ ઓગસ્ટના રોજ જનરલ મેનેજરની મંજૂરી બાદ આ નિર્ણય લેવાયો છે. અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં પણ ન્ઝુઉંમ કોચ સાથે ૨૨ ડબ્બા જોડાશે. આ ફેરફારથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચેનો પ્રવાસ ઝડપી બનશે.

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોનો પ્રવાસ સમય ઘટાડવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની ૨૧ સહિત ૨૩ લોકપ્રિય મેલ અને સુપરફાસ્ટ ટ્રેનોની ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરવાની મંજૂરી આપવામાં આવી છે.



પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની ૨૧ સહિત ૨૩ ટ્રેનોને હવે ૧૩૦ કિમી પ્રતિ કલાક મહત્તમ ગતિએ દોડાવવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. અત્યાર સુધી આ ટ્રેનોની મહત્તમ ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાક હતી. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરની મંજૂરી બાદ આ ફેરફારને લીલી ઝંડી મળી છે.

રેલવેના આ નિર્ણયથી ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને પ્રવાસ સમયમાં ઘટાડો થવાની શક્યતા છે. ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનો દોડવાથી લાંબા અંતરની મુસાફરી વધુ ઝડપી બનશે. આ ઉપરાંત ટ્રેન નં.૧૯૪૨૧-૨૨ અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં કોચની સંખ્યા ૨૦ને બદલે ૨૨ કરીને એલએચબી કોચ સાથે ૧૩૦ની સ્પીડે દોડાવવામાં આવશે. ૧૩૦ કિમીની ઝડપે ટ્રેનો દોડાવવા માટે પ્લેટફોર્મની લંબાઈ, મુસાફરોની સલામતી અને કોચની ટેકનિકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા પણ નક્કી કરવામાં આવી છે. એક એન્જિન અને ૨૨ એલએચબી કોચની ટ્રેન માટે ઓછામાં ઓછું ૫૫૧ મીટર લાંબું પ્લેટફોર્મ જરૂરી બનશે. દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે એલએસએલઆરડી કોચ ઉપલબ્ધ કરાશે. એચઓજી સિસ્ટમના યોગ્ય સંચાલન માટે એન્જિન, હેડ-ઓન-જનરેશન અને રેક વચ્ચે સંકલન જાળવવા પણ સૂચના અપાઈ છે.

#### ગતિ વધારાયેલી ૨૩ સુપરફાસ્ટ ટ્રેનો

| | |
|---|---|
| ૧૨૯૨૭-૨૮ | દાદર-એકતાનગર સુ.ફા. |
| ૧૨૯૭૧-૭૨ | બાંદ્રા-ભાવનગર એક્સ. |
| ૧૯૨૫૫-૫૬ | સુરત-મહુવા સુપરફાસ્ટ |
| ૨૨૯૪૫-૪૬ | મુંબઈ-ઓખા સૌરાષ્ટ્ર મેઈલ |
| ૧૨૯૫૯-૬૦ | બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ |
| ૧૨૯૬૫-૬૬ | બાંદ્રા-ભુજ સાપ્તાહિક |
| ૧૯૨૫૯-૬૦ | કોચુવેલી-ભાવનગર એક્સ. |
| ૨૦૪૮૩-૮૪ | ભગતકી કોઠી-દાદર સુ.ફા. |
| ૧૪૭૦૭-૦૮ | રણકપુર એક્સપ્રેસ |
| ૧૪૭૦૧-૦૨ | અમરાપુર અરવલ્લી એક્સ |
| ૨૦૯૦૯-૧૦ | કોચુવેલી-પોરબંદર સુ.ફા. |
| ૧૨૯૮૭-૯૮ | બાંદ્રા-બાડમેર હમસફર એક્સ. |
| ૨૨૯૦૧-૦૨ | બાંદ્રા-ઉદયપુર સુપરફાસ્ટ |
| ૨૨૯૫૫-૫૬ | બાંદ્રા-ભુજ કચ્છ સુ.ફા. |
| ૨૨૧૯૫-૯૬ | ઝાંસી-બાંદ્રા સુપરફાસ્ટ |
| ૧૬૩૩૭-૩૮ | ઓખા-એર્નાકુલમ એક્સ. |
| ૧૬૬૧૩-૧૪ | રાજકોટ-કોયમ્બતૂર એક્સ. |
| ૧૯૨૦૩-૦૪ | બાંદ્રા-વેરાવળ સાપ્તાહિક |
| ૧૯૭૧૧-૧૨ | જયપુર-ભોપાલ એક્સપ્રેસ |
| ૨૦૯૫૭-૫૮ | ઈન્દોર-હિસાર સુપરફાસ્ટ |
| ૨૨૯૬૩-૬૪ | બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક |
| ૨૦૯૫૧-૫૨ | ઓખા-જયપુર સાપ્તાહિક |
| ૧૯૩૦૯-૧૦ | શાંતિ એક્સપ્રેસ |

## પાકિસ્તાનમાં ગાયનેક હોસ્પિટલમાં ACનું કોમ્પ્રેસર ફાટતાં આગ, ૧૫ નવજાત બાળકોના નિપજ્યા મોત!

### સવારનો બનાવ, ફાયર બ્રિગેડ અને રેસ્ક્યુ ટીમે કામગીરી કરી, એક માત્ર નવજાત બાળકને બચાવી શકાયું

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં મોટી દુર્ઘટના ઘટી છે.આજે બુધવારે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસના ગાયનેકોલૉજી વોર્ડમાં આગ લાગતાં ૧૫ નવજાત બાળકોનાં કરુણ મોત નીપજ્યાં છે. PIMS અધિકારીઓએ જણાવ્યુંકે, આગ લાગી તે સમયે નર્સરીમાં ૧૬ નવજાત બાળકો હતાં, જેમાંથી માત્ર એક જ બાળકનો બચાવ કરી શકાયો હતો. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ આગ નર્સરીની અંદર છઝનું કમ્પ્રેસર ફાટવાના કારણે લાગી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ આગ સવારે લગભગ ૭:૦૦ વાગ્યે લાગી હતી. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી, આ સાથે જ કૂલિંગ ઓપરેશન પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ દુર્ઘટનાને પગલે હોસ્પિટલની નવજાત શિશુ અને મેટરનિટી સુવિધાઓમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.

રેસ્ક્યૂ ઓપરેશન સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે, 'રાજધાની સ્થિત હોસ્પિટલની નર્સરીમાં વહેલી સવારે એર-કન્ડીશનરનું કમ્પ્રેસર ફાટતાં આ આગ લાગી હતી. આગ પર કાબૂ મેળવી લેવાયો છે અને ટીમ દ્વારા ઘટનાસ્થળે કૂલિંગ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.' જિલ્લા તંત્રના જણાવ્યા મુજબ, સ્ઝઉં વોર્ડના ત્રીજા માળે લાગેલી આગમાં ૧૫ બાળકો ગંભીર રીતે દાઝી ગયાં હતાં. જિલ્લા તંત્રના જણાવ્યા પ્રમાણે દુર્ઘટનાની જાણ થતાં જ બચાવ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ બચાવ કામગીરીમાં ફાયર બ્રિગેડની છ ગાડીઓ અને ચાર એમ્બ્યુલન્સ સામેલ હતી.



## E20 પેટ્રોલના નિયમો કડક કરવાની તૈયારી!

### વાહનોના પાર્ટ્સ ખરાબ થવાની ફરિયાદો, નવા ગુણવત્તાના નિયમો બનશે ફરજિયાત

નવીદિલ્હી,

દેશમાં ઈ૨૦ (ઈથેનોલ બ્લેન્ડેડ) બળતણ અંગે ચાલી રહેલી ચર્ચા અને વાહનચાલકોની ફરિયાદો વચ્ચે કેન્દ્ર સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની તૈયારી કરી લીધી છે. વાહનચાલકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે આ ઈંધણના ઉપયોગથી વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના પાર્ટ્સ બગડી રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સરકાર હવે માત્ર ઈથેનોલનું પ્રમાણ નક્કી કરવા પૂરતી સીમિત નહી રહે, પરંતુ ઈંધણની ગુણવત્તા પર પણ કડક નિયંત્રણો લાગુ કરવા જઈ રહી છે.

તાજેતરમાં પેટ્રોલના સેમ્પલમાં 3 PPM કરતાં વધુ ક્લોરાઈડ અને વધુ પડતો ભેજ હોવાનું સામે આવ્યું હતું, જેના કારણે ઓટોમોબાઈલ કંપનીઓએ વાહનોના પાર્ટ્સ ખરાબ થવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. વાહન ઉત્પાદકોનું કહેવું છે કે આવા દૂષિત ઈંધણને કારણે વાહનોના ફ્યુઅલ ટેન્ક અને અન્ય કમ્પોનન્ટ્સ ઝડપથી નિષ્ફળ થઈ શકે છે. કેટલીક જગ્યાએ લેવાયેલા સેમ્પલમાં ક્લોરાઈડનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં ઘણું વધારે મળતાં આ ચિંતા વધુ ઘેરી બની છે. સમસ્યાના ઉકેલ માટે સરકાર હવે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (સ્ઝઝ) અને ફ્યુઅલ સપ્લાય સિસ્ટમ સાથે જોડાયેલી એજન્સીઓ માટે ગુણવત્તાના નિયમો કડક કરવા જઈ રહી છે. હાલના નિયમો મુજબ ઈ૨૦ ઈંધણમાં ક્લોરાઈડનું પ્રમાણ ૩ PPMથી ઓછું હોવું જોઈએ, જે અત્યાર સુધી મરજિયાત (સ્વૈચ્છિક) ધોરણ હતું. પરંતુ હવે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટેન્ડર્ડ્સ (BIS) આ લિમિટને તમામ સપ્લાયર્સ માટે કાયદાકીય રીતે ફરજિયાત બનાવવા પર કામ કરી રહ્યું છે.

## ખાન સરની મુશ્કેલીઓ વધી! મુસ્લિમ મહિલાએ ગંભીર આક્ષેપો સાથે નોંધાવી પોલીસ ફરિયાદ

### તપાસ બાદ સાચી હકીકતના આધારે કાર્યવાહી કરવામાં આવશે: DSP રાજેશ કુમાર

પટના,

શિક્ષણ ક્ષેત્રમાં પોતાને સ્ટાર ગણાવતા બિહારના ખાન સર ઉર્ફે ફૈઝલ ખાનની મુશ્કેલીઓ સતત વધી રહી છે. પહેલા ફાયરિંગ કેસમાં તેમનું નામ પ્રકાશમાં આવ્યું હતું. તે આક્ષેપ વચ્ચે હવે વધુ એક બીજા કેસમાં ખાન સરની મુશ્કેલી વધી છે. એક મહિલાએ ખાન સર પર ગંભીર આક્ષેપ કર્યો છે. મહિલાએ આક્ષેપો સાથે ખાન સર સામે ફરિયાદ નોંધાવી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ખાન સર સામે પોલીસે ફરિયાદ નોંધીને મહિલાનું નિવેનદ નોંધ્યું છે અને આગળની તપાસ શરૂ કરી દીધી છે.

આ સમગ્ર કેસમાં DSP રાજેશ કુમારે જણાવ્યું કે, 'ખાન સર સામે ફરિયાદ મળ્યાની પુષ્ટિ થઈ ગઈ છે. જો કે, મહિલા દ્વારા કરવામાં આવેલા આક્ષેપો સાચા છે કે નહીં? તેની કોઈ પુષ્ટિ થઈ નથી'. આ સાથે ખાન સર દ્વારા પણ આ મામલે કોઈ નિવેદન કે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું નથી. અત્યારે આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે, તપાસના અંતે સાચી હકીકત પ્રકાશમાં આવશે તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે.

ખાસ સર સામે પટના જિલ્લાના પીરબહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ખાન સર સામે ફરિયાદ નોંધાવનાર મહિલા ખુશનારા ખાતૂને જણાવ્યું કે, ૨૦૧૭-૧૮માં ખાન સરના સંપર્કમાં આવી હતી. આ દરમિયાન ખાન સર તેમની મહિલા મિત્ર સાથે તેમના રૂપ પર આવ્યાં હતાં. પહેલા તો આ બધુ સામાન્ય હતું, પરંતુ પછી તેઓ સતત આવવા લાગ્યાં એટલા માટે તેમનો વિરોધ કર્યો હતો. આ વિરોધ કર્યો તેના કારણે ખાન સરે આ મહિલાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મહિલાએ આક્ષેપ લગાવ્યો છે કે, હજી પણ ખાન સર જ્યારે ઈચ્છે ત્યારે તેમના રૂપ પર આવે છે. એટલા માટે અત્યારે પોલીસ ફરિયાદ કરીને ન્યાય માટે માંગણી કરી છે.

## મોહન ભાગવતના અમેરિકાના પ્રવાસનો ન્યૂયોર્કના મેયર મમદાનીએ કર્યો વિરોધ!

ન્યૂયોર્ક,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાયેલા વૈશ્વિક સંપર્ક કાર્યક્રમ અંતર્ગત સંઘ પ્રમુખ મોહન ભાગવતની અમેરિકા યાત્રા શરૂ થઈ ગઈ છે. તેઓ ૨૯ ઓગસ્ટના રોજ ન્યૂ યોર્કના પ્રસિદ્ધ મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં 'યુનિવર્સલ વનનેસ' નામના કાર્યક્રમમાં અંદાજે ૫,૦૦૦ ભારતીય પ્રવાસીઓને સંબોધિત કરવાના છે. જોકે, આ આયોજનને લઈને અમેરિકાના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

ન્યૂયોર્ક સિટીના પ્રથમ ભારતીય-અમેરિકન મેયર જોહરાન મામદાનીએ આ રેલી સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. તેઓ આ પ્રકારની રેલીનું સમર્થન કરતા નથી, પરંતુ કોઈ ખાનગી કાર્યક્રમને રદ કરવાનો અધિકાર સિટી તંત્ર પાસે છે કે કેમ તે અંગે તેઓ સ્પષ્ટ નથી.

## તેલંગણામાં ખાનગી બસ-ટ્રકનો અકસ્માત, ૬ના મોત

### હૈદરાબાદથી વિજયવાડા જતી બસમાં ૪૩ લોકો સવાર હતા, વહેલી સવારે બનેલો બનાવ

સુર્યાપેટ,

તેલંગાણાના સૂર્યપેટ જિલ્લામાં એક ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટના સ્થળે જ ૬ લોકોના મોત નીપજ્યા છે. અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે જે તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે.

તેલંગાણાના સૂર્યપેટ જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે.સવારના સમયે ખાનગી ટ્રાવેલ બસ અને ટ્રક વચ્ચે થયેલી ભયંકર ટક્કરમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક પોલીસના સત્તાવાર નિવેદન મુજબ, આ દુર્ઘટના બુધવારે સવારે અંદાજે ૫:૨૦ વાગ્યાની આસપાસ બની હતી. જે સમયે આ અકસ્માત થયો ત્યારે ખાનગી બસમાં કુલ ૪૩ મુસાફરો સવાર હતા. આ બસ હૈદરાબાદથી રવાના થઈને વિજયવાડા તરફ જઈ રહી હતી, તે દરમિયાન સૂર્યપેટ વિસ્તારમાં આવેલા દુર્ગાપુરમ સ્ટેજ પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને બચાવ દળ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાક મુસાફરોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.



# માલણકા ખોડીયાર મંદિરે યોજાયો લઘુરુદ્ર



ભાવનગર,તા.૨૬

માલણકા ગામ ખાતે આવેલ દવે, પટેલ, ભાયાણી તથા શાહ (જસપરા) પરિવારના કુળદેવી શ્રી માલણકા ખોડીયાર માના મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તા. ૧૬/૮ ને રવિવારે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું.રોનકભાઈ ઓઝાના આચાર્ય પદે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. લઘુરુદ્ર દરમિયાન રુદ્રાભિષેકના ૧૧ નમસ્તેના પાઠ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ શિવ મહિમન સ્તોત્રના પાઠ સાથે બીલીપત્ર દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. લઘુરુદ્રમાં કાળા તલ થી અભિષેક કરવાનું શાસ્ત્રોક્ત મહત્વ છે. લઘુરુદ્રની પુર્ણાહુતી ભોળાનાથની આરતી સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવિક ભક્તજનો એ મહાદેવના આશીર્વાદ મળ મેળવ્યા હતા. ટ્રસ્ટ તરફથી ફરાળની પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ૨૫૦૧ રાખડી બનાવીને દેશની રક્ષા કરતા જવાનોને મોકલતા સ્કાઉટ-ગાઈડ વિદ્યાર્થી

## શહેરની૧૧ શાળા ના ૧૫૦ બાળકો જોડાયા: લાગણી સભર પત્રો પણ મોકલ્યા

ભાવનગર,તા.૨૬

ભારત દેશનાં સીમાડે ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ ફરજ બજાવતા જવાનોને રક્ષાબંધન માટે છેલ્લા સાત વર્ષથી ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાથે જોડાયેલ સ્કાઉટ- ગાઈડ, રોવર રેંજર રાખડી અને સાથે પોતાના લાગણી સભર પત્રો લખીને મોકલાવે છે. આ વર્ષે પણ ૧૧ સંસ્થાના ૧૫૦ થી વધુ સ્કાઉટ ગાઈડ બાળકોએ આવી ૨૫૦૧ રાખડી જાતે બનાવીને મોકલાવી છે.

સાત વર્ષથી ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા સીયાચિન અવેરનેસ ડ્રાય દ્વારા આયોજિત " એક રાખી ફૌજી કે નામ " પ્રોગ્રામ અંતર્ગત જવાનોને રાખડી મોકલે છે. શરૂઆતમાં ૨૫૧ રાખડીઓ બનાવી મોકલવામાં આવી હતી જેમાં ઉત્તરોતર વધારો કરતા આવર્ષે રક્ષાબંધન માટે ૨૫૦૦ રાખડી બનાવીને મોકલાવી છે આ કાર્યક્રમમાં દક્ષિણામૂર્તિ કુ મંદીર, ગિજુભાઈ કુમાર મંદિર, ટીબી જૈન કન્યાશાળા પ્રાથમિક વિભાગ, વિદ્યાધીશ માધ્યમિક અને ઉ. મા. શાળા, સ્વામિનારાયણ ગુરુકુળ સરદારનગર, MSB શાળા નં ૬૯, MSB શાળા નંબર ૮, બી એન વીરાણી હાઈસ્કૂલ, વીવેકાનંદ રોવર ક્રુ, રાણી લક્ષ્મીબાઈ રેન્જર ટીમ, વિદ્યાધીશ પ્રાથમિક વિભાગ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ, નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય હાઈસ્કૂલના સ્કાઉટ ગાઈડ, રોવર રેન્જર દ્વારા



જાતે બનાવીને મોકલવામાં આવી છે.

જિલ્લા સંઘ દ્વારા બે દિવસ દરરોજની ત્રણ કલાક આ વિદ્યાર્થીઓ રાખડી બનાવતા હતા. તમામ મટીરીયલ જિલ્લા સંઘ દ્વારા પૂરું પાડવામાં આવેલ દેશના જવાનોને જે રાખડી મોકલવામાં આવી તે રાખડી ઊનની ગોટી અને સુતરના દોરા થી સંપૂર્ણ જાતે બનાવવામાં આવી તેમજ પત્રો પણ સાથે મોકલવામાં આવ્યા આ કાર્યક્રમને સફળ બનાવવામાં જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટ ગાઈડ કમિશનર દર્શનાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ સરલાબેન સાકરીયા, કાજલબેન પંડ્યા, તૃપ્તિ બેન તેમજ સિનિયર સ્કાઉટ ગાઈડ, રોવર રેંજર અને સ્કાઉટર ગાઈડર શિક્ષકોએ જેહમત ઉઠાવી હતી.

# જવાહર મેદાનમાં આજથી 'શ્રાવણ ઉત્સવ' : ગ્રામ્ય સખી મંડળોની હાથબનાવટની ચીજવસ્તુઓનો મેળો

ભાવનગર,તા.૨૬

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા ભાવનગરના જવાહર મેદાન ખાતે તા. ૨૬ થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન 'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવનો શુભારંભ તા. ૨૬ ઓગસ્ટના રોજ સાંજે ૪:૦૦ કલાકે જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવાના હસ્તે કરવામાં આવશે.

ગ્રામ્ય મહિલાઓ તથા સ્વસહાય જૂથો (સખી મંડળો) દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ ઉત્પાદિત ચીજવસ્તુઓને યોગ્ય પ્રદર્શન અને વેચાણ માટેનું સક્ષમ બજાર મળી રહે તેમજ તેમની રોજીરોટી અને આવકમાં વધારો થાય તેવા ઉદ્દેશ્યથી આ મેળો યોજાઈ રહ્યો છે. આ આયોજનમાં ભાવનગર જિલ્લા ઉપરાંત મોરબી, રાજકોટ અને અમરેલી જિલ્લાના સખી મંડળો પણ ઉત્સાહભેર સહભાગી થશે.

'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬'માં કુલ ૨૦ જેટલા વિશિષ્ટ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ સ્ટોલ્સ પર હેન્ડીક્રાફ્ટની વિવિધ આકર્ષક આઈટમો સહિત સ્વસહાય જૂથોની મહિલાઓ દ્વારા પોતાના હાથે તૈયાર કરાયેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. આ ઉત્સવ તા. ૨૬ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન દરરોજ સવારે ૧૦:૦૦ કલાકથી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને જવાહર મેદાન ખાતે યોજાનારા આ 'શ્રાવણ ઉત્સવ-૨૦૨૬'ની મુલાકાત લઈ, વિવિધ ઉત્પાદનોની ખરીદી કરીને ગ્રામ્ય મહિલાઓ તથા સ્વસહાય જૂથોના આત્મનિર્ભર પ્રયાસોને પ્રોત્સાહિત કરવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

**જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવાના હસ્તે ઉદ્ઘાટન; ૩૦ ઓગસ્ટ સુધી દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ કલાક સુધી મેળો ખુલ્લો રહેશે**

### ભાવનગર રોટરી રોયલ આયોજિત

# ઈન્ડિયન આયડીયલ સિનિયર સીટીઝન ટેલેન્ટ સ્પર્ધામાં ડાન્સ કેટેગરીમાં વર્ષા સોસાયટી 'દાદી ગ્રુપ' પ્રથમ આવ્યું

**ટ્રોફી અને રૂપિયા ૩૦૦૦ હજારના પુરસ્કારથી સન્માન, ૬૫ સ્પર્ધકોએ કલાનાં કામણ પાથરી દર્શકોની વાહવાહી મેળવી**







ભાવનગર,તા.૨૬

તાજેતરમાં ભાવનગર ખાતે યુનિ અટલ ઓડિટોરિયમમાં ભાવનગર રોટરી રોયલ કલબ દ્વારા ૬૦ થી ૯૦ વર્ષની વયના સિનિયર સિટીઝનો માટેની ચાર કેટેગરીમાં વહેંચાયેલી ટેલેન્ટ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવેલ જેમાં લગભગ ૬૫ જેટલાં સ્પર્ધકોએ પોતાની કલાનાં કામણ પાથરી દર્શકોને તલ્લીન કરી વાહવાહી મેળવી હતી.

જેમાં વર્ષા સોસાયટી સુભાષનગરનાં દાદીગ્રુપે અદભુત પ્રસ્તુતિ દ્વારા દર્શોકોનું સ્ટેન્ડિંગ સન્માન મેવવી પ્રથમ નંબરે વિજેતા બનતાં ટ્રોફી સને રૂપિયા ૩૦૦૦ હજારનાં પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ આ અદભુત કૃતિમાં મંઝરીબેન ત્રિવેદી ધનલક્ષ્મી બેન ભટ્ટ, નીતાબેન ત્રિવેદી, પૂર્ણિમાબેન દીક્ષિત,અંજનાબેન પંડ્યા, રેખાબેન સંઘવી, કુમુદબેન ત્રિવેદી જયશ્રીબેન પટેલ,વંદનાબેન ત્રિવેદી, ચંદ્રિકાબેન પટેલ, હર્ષાબેન શાહ, શીતલબેન ગાંધી,ઈલાબેન રાજપુરા, કૈલાસબેન પટેલે ભાગ લીધો હતો જ્યારે ઈવેન્ટની કોરિયોગ્રાફી હેતલ વી ભટ્ટ દ્વારા કરવામાં આવેલ આવા પ્રથમ વખત યોજાયેલ કાર્યક્રમ અતિ સુવ્યવસ્થિત રીતે આયોજિત કરવામાં આવેલ જેને માટે રોટરી રોયલ કલબ ધન્યવાદના અધિકારી બને તેમાં કોઈ શંકા નહી સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોકપ્રિય ઉદઘોષક મિતુલ રાવલે કર્યું હતું.

# ફોટોગ્રાફી પ્રદર્શનમાં કે.આર દોશી કોલેજની વિદ્યાર્થીનીઓ ઝળકી





**વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તે ભાવનગર ખાતે ખોડિદાસ પરમાર આર્ટ ગેલેરીમાં ફોટોગ્રાફી પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'ત્રિશક્તિ આર્ટ' અને 'ટ્રિપલ એ' દ્વારા સંયુક્ત રીતે યોજાયેલા આ પ્રદર્શનમાં કે.આર દોશી કોલેજની B.Com. સેમેસ્ટર-૫ ની વિદ્યાર્થીની ચુડાસમા મીનલબા ભગીરથસિંહ તથા M.Com. સેમેસ્ટર-૧ ની વિદ્યાર્થીની ઝાલા ક્રિષ્નાબા ગિરિરાજસિંહએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની આકર્ષક ફોટોગ્રાફી કૃતિઓ પ્રદર્શિત કરી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલ, પૂર્વ મેયર મેહુલભાઈ વાડોદરિયા તેમજ આર્ટ પ્રમોટર હિમાચલભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓની કલાત્મક સૂઝબૂઝ અને ફોટોગ્રાફી પ્રત્યેના વિશેષ અભિગમને ખૂબ બિરદાવ્યો હતો.**

# ગાંધી મહિલા કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય સેમિનાર: 'સ્નેહીજન' વિષય પર ૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને અપાયેલું માર્ગદર્શન

## માનસિક સ્વાસ્થ્ય પણ શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્વપૂર્ણ: ડૉ. રાજેશ્રીબેન બોસમિયાનું પ્રેરણાદાયી વક્તવ્ય

ભાવનગર,તા.૨૬

ઈનર વ્હીલ ક્લબ ભાવનગર અને ગાંધી મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે કોલેજ પરિસરમાં "સ્નેહીજન" વિષય પર વિશેષ માનસિક સ્વાસ્થ્ય અને દીકરીઓની વિવિધ સમસ્યાઓના માર્ગદર્શન તેમજ નિવારણ અંગે સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજની ૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ડિસ્ટ્રિક્ટ કોઓર્ડિનેટર અને ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રાજેશ્રીબેન બોસમિયાએ જણાવ્યું હતું કે, આજના ઝડપી અને સ્પર્ધાત્મક જીવનમાં યુવાનો અનેક પ્રકારના માનસિક દબાણનો સામનો કરે છે. તેવામાં પોતાના મનની વાત યોગ્ય વ્યક્તિ સાથે વ્યક્ત કરવી, સમસ્યાઓને અંદર દબાવી ન રાખવી, સકારાત્મક વિચારસરણી કેળવવી અને જરૂર પડે ત્યારે નિષ્ણાતની સલાહ લેવી માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે. તેમણે વિદ્યાર્થિનીઓને પોતાના વિચારો અને લાગણીઓને સમજવા તથા જીવનમાં સંતુલન જાળવવા ઉપયોગી સૂચનો આપ્યા હતા.

આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં "માનસિક સ્વાસ્થ્ય પણ શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ મહત્વપૂર્ણ છે" તે અંગે જાગૃતિ લાવવાનો હતો. સેમિનાર દરમિયાન વિદ્યાર્થિનીઓએ માનસિક સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નો પૂછીને મુખ્ય વક્તા સાથે સંવાદ સાધ્યો હતો. આ સફળ આયોજન માટે આર.ડી. ગાર્ડી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને સંયોજક ડૉ. જે.પી. મજમુદારે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગર (ડિસ્ટ્રિક્ટ ૩૦૬) ના ક્લબ પ્રમુખ જિગીષાબેન મસરાણી, સેક્રેટરી નીરાબેન શેઠ, પ્રોજેક્ટ ચેર ડૉ. રાજેશ્રીબેન બોસમિયા અને અન્ય હોદેદારોનું શાબ્દિક સ્વાગત અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન ડૉ. અશોક પુરોહિતે કર્યું હતું, જ્યારે આભારવિધિ પ્રા. રંજનબેન ગોહિલ દ્વારા કરવામાં આવી હતી.

# જાળિયા શિવકુંજ આશ્રમમાં શ્રાવણ માસ નિમિત્તે યજ્ઞાનુષ્ઠાન: સંતો-મહંતોએ આપી આહુતિ



ભાવનગર,તા.૨૬

ગોહિલવાડના પ્રસિદ્ધ શિવકુંજ આશ્રમ જાળિયામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તો વિશ્વાનંદ માતાજીના નેતૃત્વ હેઠળ વિવિધ ધાર્મિક યજ્ઞોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ શિવપૂજન અને યજ્ઞ વિધિમાં સંતો, મહંતો અને શ્રદ્ધાળુઓ ભાવપૂર્વક આહુતિઓ અર્પી રહ્યા છે.આ ધાર્મિક ઉત્સવમાં સાધુ પરંપરાના મુક્તાનંદજી મહારાજ, સિહોરના ઝીણારામજી મહારાજ, જાણીતા વક્તા આત્માનંદજી સરસ્વતી અને આંબલા વાંકિયા હનુમાનજી જગ્યાના રવુબાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ યજ્ઞ પૂજન અને વંદના કરી હોમ-હવનમાં આહુતિ આપી આશીર્વચન પાઠવ્યા હતા.આ નિમિત્તે અનંતભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ વિશાલભાઈ જાની, કપિલભાઈ રાજયગુરુ અને મનોજભાઈ મહેતા સહિતના ભૂદેવોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞ વિધિ સંપન્ન કરાવી હતી.

### ભાવનગરની સર પી.પી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં

# સિનિયર્સે જૂનિયર વિદ્યાર્થીઓને પુસ્તક અર્પણ કરી આવકાર્યા

## 'એન્ટી રેગિંગ અવેરનેસ' સાથે વૃક્ષારોપણ કરાયું, વિદ્યાર્થીઓને રેગિંગ વિરોધી કાયદાકીય જાગૃતિ અપાઈ

ભાવનગર,તા.૨૬

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત સર પી.પી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ખાતે તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓમાં રેગિંગ વિરોધી કાયદાકીય જોગવાઈઓ અંગે જાગૃતિ લાવવા તેમજ પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશ્યથી 'એન્ટી રેગિંગ અવેરનેસ' અને વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગાન સાથે થયો હતો. કાર્યક્રમમાં એન્ટીરેગિંગ કમિટીના કોર્ડીનેટર ડૉ. પી. એન. જેઠવાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કોલેજના સેમેસ્ટર-૩ અને ૫ના પાંચ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૧ના નવા પ્રવેશિત પાંચ વિદ્યાર્થીઓને પ્રતીકાત્મક રીતે પુસ્તક અર્પણ કરીને આવકાર્યા હતા.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલસચિવ ડૉ. ભાવેશભાઈ બી. જાની મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાનું ગૌરવ વ્યક્ત કરતા વિદ્યાર્થીઓને સંસ્થામાં પરસ્પર આદર, શિસ્ત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવા અનુરોધ કર્યો હતો. યુનિવર્સિટીના એન.એસ.એસ. કોર્ડીનેટર અને મુખ્ય વક્તા ડૉ. હિમલ પંડ્યાએ રેગિંગના દુષ્પરિણામો, સાવચેતીના પગલાં અને વિદ્યાર્થીઓની જવાબદારીઓ અંગે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

આયોજન કોલેજના આચાર્ય ડૉ. વી. પી. ગોહિલના માર્ગદર્શન હેઠળ એન્ટીરેગિંગ કમિટીના કોર્ડીનેટર ડૉ. પી. એન. જેઠવા અને સભ્ય આર. એચ. નાગ્રેચા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સંચાલન ડૉ. આશિષસિંહ ઝાલાએ કર્યું હતું. કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય ડૉ. એચ. ડી. નાવડિયા, વિવિધ વિભાગોના વડાઓ, અધ્યાપકો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અંતે કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બોટની વિભાગના અધ્યક્ષ ડૉ. એસ. કે. મહેતાએ રોપવામાં આવેલી વનસ્પતિઓ વિશે વિશેષ માહિતી પૂરી પાડી હતી. ઉપસ્થિત સૌએ પર્યાવરણ જાગૃતિ સાથે કેમ્પસને સંપૂર્ણપણે રેગિંગમુક્ત બનાવવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

# ઈસ્કોન મંદિર ભાડજમાં સ્વાગતમ્ કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી

અમદાવાદ,

અમદાવાદના ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની જન્માષ્ટમી નિમિત્તો 'સ્વાગતમ્ કૃષ્ણ ૨૦૨૬' સંદેશ સાથે સમગ્ર ગુજરાતમાં ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ મહોત્સવ અંતર્ગત ભાડજ મંદિર ખાતે ૨૩ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન ઝૂલન મહોત્સવ અને ૪ સપ્ટેમ્બરે મુખ્ય જન્માષ્ટમી મહોત્સવ યોજાશે. આ પ્રસંગે સવારે ૮ વાગ્યાથી રાત્રીના ૧૨:૩૦ વાગ્યા સુધી ભાડજ મંદિર અને ગાંધીનગર સેક્ટર-૧ ખાતે વિશેષ કાર્યક્રમો રહેશે. તદુપરાંત, ૨૨ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ, ગાંધીનગર,



રાજકોટ, સુરત, વડોદરા, સાણંદ, વિરમગામ અને કડી-કલોલ સહિતના શહેરોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.વિવિધ શહેરોમાં યોજાનાર કાર્યક્રમોની તારીખ મુજબની વિગતો નીચે મુજબ છે. ૨૨ ઓગસ્ટના રોજ ચાંદખેડા, ગોતા અને પાલજમાં કાર્યક્રમ યોજાશે. ૨૩ ઓગસ્ટના રોજ રાજકોટની સિસન્સ હોટેલ ખાતે, ૨૯ ઓગસ્ટના રોજ ચાંદલોડિયાના મંગલપાંડે હોલ ખાતે, તથા ૩૦ ઓગસ્ટના રોજ સાણંદ, કલોલ, વેદમંદિર અને મણિનગરમાં આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૪ સપ્ટેમ્બરે સુરતના મહેશ્વરી ભવન અને વડોદરાના ઈવામોલ ખાતે ભવ્ય ઉજવણી થશે. વિશેષરૂપે સમગ્ર શ્રાવણ માસ દરમિયાન વિરમગામના ૧૦ ગામોમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાશે.જગનમોહન કૃષ્ણ દાસજીએ જણાવ્યું છે કે આ પહેલનો મુખ્ય ઉદેશ જન્માષ્ટમીનો દિવ્ય સંદેશ સમાજના દરેક વર્ગ એટલે કે અબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ અને યુવાઓ સુધી પહોંચાડવાનો છે. શ્રીલ પ્રભુપાદની પ્રેરણાથી યોજાનાર આ મહોત્સવમાં દર્શન, કીર્તન, ભક્તિસંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય આકર્ષણ રહેશે.

# ઐતિહાસિક રૂવાપરી માતાજી મંદિરનો કાલે ઉજવાશે ૫૮૩મો પાટોત્સવ

## નવચંડી મહાયજ્ઞ યોજાશે; યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલના હસ્તે નૂતન શિખર ધ્વજારોહણ થશે



ભાવનગર,તા.૨૬

ભાવનગરના સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક તીર્થધામ એવા રૂવાપરી માતાજીના નિજમંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે વિક્રમ સંવત ૨૦૮૨ના શ્રાવણ સુદ ૧૪ ને ગુરુવાર, તા. ૨૭/૦૮/૨૦૨૬ના રોજ માતાજીનો ૫૮૩મો ભવ્ય પાટોત્સવ મહોત્સવ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવશે, જે પાવન અવસરે મંદિર પરિસરમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે શ્રી નવચંડી મહાયજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે તથા ભાવનગર સ્ટેટના યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલના વરદ હસ્તે માતાજીના મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવશે.

આ ધાર્મિક મહોત્સવની તમામ તડામાર તૈયારીઓને રૂવાપરી સેવા ટ્રસ્ટ તથા પૂજારી પરિવાર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને તમામ ભાવિકોને દર્શન તેમજ યજ્ઞનો લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પાટોત્સવ નિમિત્તો યોજાનાર ધાર્મિક કાર્યક્રમની વિગત અનુસાર, ગુરુવારે સવારે ૮:૦૦ કલાકે ભૂદેવોના વેદોક્ત મંત્રોચ્ચાર અને ગણેશ પૂજન સાથે શ્રી નવચંડી મહાયજ્ઞનો વિધિવત પ્રારંભ થશે, ત્યારબાદ સવારે ૧૧:૦૦ કલાકે યુવરાજ જયવીરરાજસિંહજી દ્વારા શાસ્ત્રોક્ત પૂજન-અર્ચન બાદ ધ્વજારોહણ સંપન્ન થશે અને દિવસભર માતાજીના ચરણોમાં વિવિધ નૈવેદ્ય, આહુતિઓ તથા શણગાર દર્શન યોજાયા બાદ સાંજે ૫:૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ રૂપે બીડું તથા શ્રીફળ હોમીને મહાઆરતી કરવામાં આવશે.

રૂવાપરી સેવા ટ્રસ્ટના પ્રમુખ પૂ. સંત સીતારામ બાપુ, ઉપપ્રમુખ રજનીકાંતભાઈ ભટ્ટ, ખજાનચી ભાનુભાઈ ભટ્ટ, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશભાઈ ભટ્ટ તથા સેક્રેટરી બાલાભાઈ ભટ્ટ સહિતના હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, ઉલ્લેખનીય છે કે આ નિજમંદિરે મહા સુદ નોમ, ચૈત્ર સુદ નોમ, અષાઢ સુદ નોમ, શ્રાવણ સુદ ચૌદસ તથા દર માસની પૂનમે વિશેષ યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવે છે.

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવમાં મોટો ઉછાળો: લાલ કાંદા પ્રતિ મણ રૂ. ૮૪૦ બોલાયા

## ગરમીના કારણે સ્ટોક બગડતા અને ચોમાસુ વાવેતર અટકતાં આગામી દિવસોમાં ડુંગળીની ભારે અછત વચ્ચે ભાવ હજુ વધવાની શક્યતા

ભાવનગર,તા.૨૬

મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે, જ્યાં ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ લાલ કાંદાની ૧૮૦૦ થેલી અને સફેદ કાંદાની ૧૦૦૦ થેલીની આવક સામે લાલ કાંદાનો ભાવ પ્રતિ મણ રૂ. ૫૨૦ થી રૂ. ૮૪૦ સુધી રહ્યો હતો, પરંતુ ગત સીઝનમાં લાલ કાંદાની કુલ ૪૫ લાખ અને સફેદ કાંદાની ૮૫ લાખ થેલીની આવક સામે હાલમાં આવી રહેલા મેડામાલની ગુણવત્તા ખાસ સારી ન હોવાથી વેપારીઓ તથા ખેડૂતો દ્વારા પ્રતિ મણ રૂ. ૩૦૦ થી ૪૦૦ના ભાવે લાલ કાંદાનો ૮ લાખ અને સફેદ કાંદાનો ૫ લાખ થેલીનો ઓછો સ્ટોક કરાયો હતો, જે સ્ટોક પણ ચાલુ વર્ષની સખત ગરમીના કારણે મોટાભાગે બગડી જતાં હાલ તમામ મેડા ખાલી થઈ ગયા છે અને બીજી તરફ કમનસીબે વરસાદના અભાવે ખરીફ ડુંગળીનું વાવેતર પણ થઈ શક્યું નથી, જેની નવી આવક સામાન્ય રીતે ડિસેમ્બર-જાન્યુઆરીમાં થતી હોય છે અને ત્યાં સુધી ચાલે તેટલો પૂરતો જથ્થો અન્ય રાજ્યોમાં પણ ઉપલબ્ધ ન હોવાથી આગામી દિવસોમાં ડુંગળીની ગંભીર અછત સર્જાવાની સાથે ભાવોમાં વધુ ઉછાળો આવવો નિશ્ચિત મનાઈ રહ્યો છે, જોકે ઊંચા ભાવો છતાં જે ખેડૂતોએ ડુંગળીનો સ્ટોક કર્યો હતો તેમને ચડેલા ખર્ચાઓ અને સડાને કારણે થયેલી માલની ભારે ઘટને લીધે વર્તમાન ભાવે પણ પોતાની પડતર કિંમત માંડ છૂટી રહી હોવાની કડવી વાસ્તવિકતા સામે આવી છે.

# રક્ષાબંધન પર્વના દિવસે સિટી બસમાં મહિલાઓ પાસે ટિકિટ નહિ લેવાય

## તમામ રૂટની ઈ-બસમાં ભાડું નહીં વસૂલાય; મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેને લાભ લેવા કર્યો અનુરોધ

ભાવનગર,તા.૨૬

ભાઈ-બહેનના પ્રેમ અને સ્નેહના પ્રતીક સમાન રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ મહિલાઓને વિશેષ ભેટ આપતાં તહેવારના દિવસે શહેરીજનો માટે કાર્યરત સ ઈ-બસ સેવા અંતર્ગત તમામ સિટી ઈ-બસોમાં મહિલા મુસાફરો માટે પ્રવાસ સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે,



રક્ષાબંધનના પાવન પર્વે બહેનો પોતાના ભાઈના નિવાસસ્થાને કોઈપણ પ્રકારની યાતાયાતની મુશ્કેલી કે આર્થિક ભારણ વિના સરળતાથી અને સુરક્ષિત રીતે પહોંચી શકે અને આ જ હેતુથી શહેરના તમામ રૂટ પર દોડતી કોર્પોરેશન સંચાલિત ઈ-બસમાં મુસાફરી કરતી મહિલાઓ પાસેથી કોઈ પણ પ્રકારનું ટિકિટ ભાડું વસૂલવામાં આવશે નહીં, તેમજ ઈ-બસ સેવા સામાન્ય દિવસોમાં સલામત અને સમયબદ્ધ પરિવહન પૂરું પાડી રહી હોવાથી તહેવાર દરમિયાન વધતી ભીડ વચ્ચે પણ બહેનોને આરામદાયક મુસાફરી મળી રહે તે માટે ખાસ સુવિધા ઊભી કરવામાં આવી હોઈ મહાનગરપાલિકા તંત્ર દ્વારા મેયર ઉષાબેન તલરેજા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા મારફતે શહેરની તમામ મહિલાઓને આ નિઃશુલ્ક પરિવહન સેવાનો મહત્તમ લાભ લેવા ભાવભર્યો અનુરોધ કરવામાં આવ્યો છે.

## કાલે મહાપાલિકા કક્ષાનો વન મહોત્સવ તથા મહાવૃક્ષારોપણ અભિયાન

ભાવનગર,તા.૨૬

ભાવનગર મહાપાલિકા અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે ભાવનગર મહાનગરપાલિકા કક્ષાના 'વન મહોત્સવ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ વન મહોત્સવ તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અકવાડા સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ભાવનગરના મેયરના અધ્યક્ષસ્થાને યોજાશે. વન મહોત્સવનો મુખ્ય કાર્યક્રમ પૂર્ણ થયા બાદ, અધેવાડા ટી.પી. સ્કીમ નં. ૨૯, પ્લોટ નં. ૧૪૬ ખાતે મહાવૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.શહેરને વધુ હરિયાળું અને પર્યાવરણપ્રિય બનાવવાના ઉદ્દેશ્યથી આયોજિત આ વન મહોત્સવ તથા મહાવૃક્ષારોપણ અભિયાનમાં શહેરના તમામ નાગરિકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લેવા ભાવનગર મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# ફેસ્ટિવલ ફીવર વચ્ચે એસટીમાં યાત્રિકોની ભીડ વધી આજથી ત્રણ દિવસ એક્સ્ટ્રા બસો દોડાવાશે

## અમદાવાદ, વડોદરા, દાહોદ, તળાજા અને મહુવા સહિતના સ્થળો માટે ૨૮ ઓગસ્ટ સુધી વિશેષ સંચાલન; ધસારા મુજબ વધારાની બસો પણ મુકાશે

ભાવનગર,તા.૨૬

શ્રાવણ માસના પવિત્ર તહેવારો દરમિયાન ભાવનગર વિભાગ તેમજ ભાવનગર જિલ્લાની મુસાફર જનતાને ઉત્તમ પરિવહન સુવિધા મળી રહે તે માટે ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોના દિવસોમાં પરિવાર સાથે પ્રવાસ કરતા મુસાફરોને ગીર્દી કે ધસારાના કારણે કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી નિયમિત સંચાલન ઉપરાંત અલગ-અલગ ડેપો દ્વારા તા. ૨૬ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન વધારાની એક્સ્ટ્રા બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એસ.ટી. વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા વિશેષ સમયપત્રક મુજબ તા. ૨૭ ઓગસ્ટના રોજ ભાવનગર થી અમદાવાદ (વાયા ધોલેરા) સવારે ૧૧:૩૦ કલાકે અને અમદાવાદ થી ભાવનગર (વાયા ધોલેરા) બપોરે ૧૫:૩૦ કલાકે બસ ઉપડશે. આ જ દિવસે ભાવનગર થી વડોદરા (વાયા ધોલેરા) સવારે ૧૧:૦૦ કલાકે અને વડોદરા થી ભાવનગર (વાયા ધોલેરા) બપોરે ૧૫:૪૫ કલાકે એક્સ્ટ્રા બસ સેવા શરૂ કરાશે. આ ઉપરાંત, લાંબા અંતરના મુસાફરો માટે તા. ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ તળાજા થી દાહોદ (વાયા ભાવનગર, ધોલેરા, વડોદરા) સાંજે ૧૯:૦૦ કલાકે તેમજ તા. ૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ દાહોદ થી તળાજા (વાયા વડોદરા, ધોલેરા, ભાવનગર) સાંજે ૧૭:૪૫ કલાકે બસ સંચાલિત થશે. સાથે જ તા. ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ મહુવા થી દાહોદ (વાયા તળાજા, ભાવનગર, ધોલેરા, વડોદરા) સાંજે ૨૦:૦૦ કલાકે અને તા. ૨૭ તથા ૨૮ ઓગસ્ટના રોજ દાહોદ થી મહુવા (વાયા વડોદરા, ધોલેરા, ભાવનગર, તળાજા) સાંજે ૧૭:૩૦ કલાકે એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે.

આ નિર્ધારિત એક્સ્ટ્રા સંચાલન ઉપરાંત પણ ભાવનગરથી જે સ્થળ તરફ મુસાફરોનો વધુ ધસારો જોવા મળશે તે રૂટ પર તાત્કાલિક વધારાની બસો મુકવામાં આવશે. ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા જાહેર જનતાને તહેવારોના દિવસોમાં એસ.ટી. નિગમની આ વિશેષ સુવિધાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ક્રેડિટ કાર્ડ અપગ્રેડ કરવાના બહાને રૂા. ૩.૨૬ લાખની સાયબર ઠગાઈ

## GIDCના હેલ્પર સાથે સાયબર ફ્રોડ: ICICI બેંકના નામે વોટ્સએપ પર લિંક મોકલી ઓનલાઈન રૂ. ૩,૨૬,૧૦૮ ઉપાડી લીધા

ભાવનગર,તા.૨૬

શહેરમાં સાયબર ક્રાઈમનો વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં બેંક કર્મચારીની ખોટી ઓળખ આપીને એક યુવકના ખાતામાંથી રૂ. ૩.૨૬ લાખથી વધુની રકમ ઉપાડી લેવામાં આવી છે. આ અંગે ભોગ બનનાર યુવકે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઠગ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર શહેરના ઘોઘારોડ સ્થિત મીરાપાર્કમાં રહેતા અને GIDCમાં હેલ્પર તરીકે રોજીરોટી કમાતા અશોકભાઈ ચૌહાણ પર ગત ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ એક અજાણ્યા શખસનો ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ICICI બેંકનો કર્મચારી હોવાની ઓળખ આપી હતી અને અશોકભાઈને ઓછા વાર્ષિક ચાર્જવાળું નવું 'રૂપે' (RuPay) ક્રેડિટ કાર્ડ આપવાની લાલચ આપી હતી.

અશોકભાઈ નવું ક્રેડિટ કાર્ડ લેવા સંમત થતાં, ઠગે તેમને વોટ્સએપ (WhatsApp) પર એક લિંક મોકલી હતી. આ લિંક પર અશોકભાઈ પાસે પાન કાર્ડ અને આધાર કાર્ડના ફોટા અપલોડ કરાવ્યા હતા. ત્યારબાદ ક્રેડિટ કાર્ડની પ્રોસેસિંગ અને દ્વરૂઝ પૂર્ણ કરવાના બહાને અશોકભાઈના ફોન પર આવેલો OTP (વન ટાઈમ પાસવર્ડ) પણ મેળવી લીધો હતો.

સામેવાળા શખસે ૨૪ કલાકમાં નવું ક્રેડિટ કાર્ડ ઘરે પહોંચી જશે તેવી ખાતરી આપી હતી. પરંતુ લાંબો સમય વિત્યા બાદ પણ ક્રેડિટ કાર્ડ ન મળતાં અશોકભાઈને શંકા ગઈ હતી. તેમણે ૧૮ જુલાઈના રોજ પોતાના ક્રેડિટ કાર્ડનું સ્ટેટમેન્ટ અને હિસ્ટ્રી ચેક કરી હતી. જેમાં ૯ અને ૧૦ જુલાઈ દરમિયાન ચાર અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. ૩,૨૬,૧૦૮ ઉપાડી લેવાયા હોવાનું ધ્યાને આવ્યું હતું.

પોતાની સાથે મોટો ફ્રોડ થયો હોવાની જાણ થતાં જ અશોકભાઈ ચૌહાણે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે અજાણ્યા ઠગ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS Act) અને માહિતી ટેકનોલોજી એક્ટ (IT Act) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને ટેકનિકલ સર્વેલન્સના આધારે સાયબર ચીટરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરના કાળિયાબીડ અને સીદસર રોડ વિસ્તારમાં તબક્કાવાર વીજકાપ જાહેર

## PGVCL દ્વારા મરામત કામગીરી અન્વયે સિલ્વર બેલ્સ અને સીદસર અર્બન ફિડર હેઠળના વિસ્તારોમાં તબક્કાવાર ૬ થી સાડા ૬ કલાક કાપ

ભાવનગર,તા.૨૬

PGVCL ભાવનગર સિટી-૨ ડિવિઝન દ્વારા શહેરમાં વીજળીની લાઈનની અગત્યની મરામત કામગીરી હાથ ધરવામાં આવનાર હોઈ આગામી તા. ૨૭મી અને ૨૯મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કાળિયાબીડ તથા સીદસર રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર વીજકાપ લાદવામાં આવ્યો છે.

જેમાં પ્રથમ તબક્કે તા. ૨૭મી ઓગસ્ટને ગુરૂવારે ૧૧ કે.વી. સિલ્વર બેલ્સ ફિડર હેઠળ સવારે ૬:૩૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી સાડા છ કલાક માટે વીજ

આભાર - નિહારીકા રવિયા પુરવઠો બંધ રહેશે જેના કારણે શુભલક્ષ્મી કોમ્પ્લેક્સ, શાંતિનગર-૧ અને ૨, આવકાર રેસીડેન્સી, લાભેશ્વરની આજુબાજુનો વિસ્તાર, સિલ્વર બેલ્સ સ્કૂલ, જૂની ભગવતી અને સાગવાડી વિસ્તારમાં વીજકાપ રહેશે.

જ્યારે બીજા તબક્કામાં ૧૧ કે.વી. સીદસર અર્બન ફિડરમાં તા. ૨૯મી ઓગસ્ટને શનિવારે સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી છ કલાકની કામગીરી દરમિયાન સીદસર રોડ પરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, હિલપાર્ક ચોકડી, હિલપાર્ક—૧, સ્વસ્તિક રેસડેન્સી પાર્ક, શિવાલય રેસીડેન્સી, રાજપથ, ઓજ સ્કુલ, સત્વમ સ્કુલ, એટલાન્ટીક રેસીડેન્સી, હિલપાર્ક ચોકડીથી ઓજ સ્કુલવાળો રસ્તો, નારાયણ રેસીડેન્સી, ઈસ્કોન—૧૧, નવી કોર્ટ વિસ્તાર, હોમીયોપેથિક હોસ્પીટલ, જ્ઞાનમંજરી કોલેજ, સીદસર ગામ, શાંતિલાલ શાહ કોલેજ, નિસર્ગ લેક, આદિત્ય ગોલ્ડ, મારૂતિનંદન, વૃંદાવન નેનો અને ઈવા હોમ સહિતના વિસ્તારોમાં પાવર સપ્લાય બંધ રહેશે, જોકે પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ મરામત કામગીરી નિર્ધારિત સમય કરતાં વહેલી પૂર્ણ થતાં જ કોઈપણ જાતની પૂર્વ જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

# સ્વાઈન ફ્લૂના સંભવિત પડકાર સામે સર ટી. હોસ્પિટલ તંત્ર સજ્જ

## આઈસોલેશન વોર્ડ, ઓક્સિજન અને દવાઓની સુવિધાઓની સમીક્ષા કરાઈ

ભાવનગર,તા.૨૬

લઠ્ઠાકાંડના દર્દીઓની સારવાર બાદ સતત ચર્ચામાં રહેલું ભાવનગરની સર ટી. હોસ્પિટલ તંત્ર હવે સ્વાઈન ફ્લૂના સંભવિત ખતરા સામે તકેદારીના પગલાં રૂપે સજ્જ બન્યું છે. દેશના વિવિધ રાજ્યોમાં H1N1 (સ્વાઈન ફ્લૂ)ના કેસોમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી હોસ્પિટલ પ્રશાસને પૂર્વતૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, હાલમાં સર ટી. હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી, છતાં ભવિષ્યની પરિસ્થિતિને પહોંચી વળવા માટે હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા શરદી, ઉધરસ અને તાવના લક્ષણો ધરાવતા દર્દીઓનું સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

આ અંગે હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા વિભાગીય વડાઓ સાથે અગત્યની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં દર્દીઓ માટે જરૂરી દવાઓ, પૂરતો ઓક્સિજન પુરવઠો, તબીબી સાધનો અને જરૂર પડ્યે તાત્કાલિક અલગથી આઈસોલેશન વોર્ડ શરૂ કરવા અંગેની તમામ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. હોસ્પિટલ તંત્ર દ્વારા કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માળખાકીય સુવિધાઓ સુસજ્જ રાખવામાં આવી છે.

# મહુવાના પ્રાચીન ખીમનાથ મહાદેવ મંદિરે ઉજ્જૈની તર્જ પર દિવ્ય શૃંગાર

ભાવનગર જિલ્લાના મહુવા સ્થિત પ્રાચીન અને ઐતિહાસિક ખીમનાથ મહાદેવ મંદિર પરિસરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તો ભગવાન ભોલેનાથના ઉજ્જૈની તર્જ પર વિશેષ અને દિવ્ય શૃંગાર દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉજ્જૈનના વિશ્વપ્રસિદ્ધ મહાકાલેશ્વર મહાદેવ મંદિરની પરંપરા મુજબ ખીમનાથ




મહાદેવના શિવલિંગ પર ભસ્મ, વિવિધ સુગંધી પુષ્પો અને રુદ્રાક્ષની માળાઓ વડે ભવ્ય શૃંગાર કરવામાં આવ્યો હતો.શ્રાવણ માસના પાવન અવસરે શિવજીના આ અદ્ભુત અને અલૌકિક રૂપના દર્શન કરી મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડેલા શિવભક્તોએ ધન્યતા અનુભવી હતી અને સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઊઠ્યું હતું.

# જિલ્લા જેલમાં બંદીવાન ભાઈ-બહેનોને રાખડી બાંધી વ્યસનમુક્તિના શપથ લેવડાવાયા

ભાવનગર જિલ્લા જેલ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય અને ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પિપલ લિવિંગ વિથ HIV/AIDS સંસ્થાના સંયુક્ત ઉપક્રમે હર્ષોલ્લાસભેર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સંસ્થાની પ્રતિનિધિ બહેનોએ જેલમાં બંધ તમામ બંદીવાન ભાઈ-બહેનો તેમજ ફરજ પરના જેલ અધિકારીઓ અને કર્મચારીઓના કાંડે રાખડી બાંધી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન બંદીવાનોને વ્યસનથી થતા શારીરિક, આર્થિક અને પારિવારિક નુકસાન અંગે માર્ગદર્શન આપી વ્યસનમુક્ત જીવન જીવવા પ્રેરણા આપવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ વ્યસન છોડવાના



શપથ લીધા હતા. ભાઈચારા, માનવતા અને સામાજિક જાગૃતિના વાતાવરણમાં જેલ પરિવાર અને સંસ્થાના સભ્યોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)


સૌરાષ્ટ્ર આસપાસ

## સ્વચ્છ ઊર્જા - ટકાઉ ભવિષ્યનો આધાર

આજના આધુનિક યુગમાં દેશના સર્વાંગી વિકાસ માટે ઊર્જા એ સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઈ છે. ઉદ્યોગો, કારખાનાં, ખેતી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય અને ઘર-ઘર સુધીની તમામ પ્રવૃત્તિઓ વીજળી વિના અશક્ય છે. ભારત જેવો વિકાસશીલ દેશ જ્યારે ઝડપથી આર્થિક પ્રગતિ કરી રહ્યો છે, ત્યારે સ્વાભાવિક રીતે ઊર્જાની માંગ પણ દિવસેને દિવસે વધી રહી છે. આ વધતી જતી માંગને પહોંચી વળવા માટે આપણે લાંબા સમયથી કોલસો, પેટ્રોલ, ડીઝલ અને કુદરતી ગેસ જેવા પરંપરાગત ઊર્જાસ્ત્રોતો પર આધાર રાખતા આવ્યા છીએ.

પરંતુ આ પરંપરાગત સ્ત્રોતોના ઉપયોગની ગંભીર કિંમત આપણે ચૂકવવી પડી રહી છે. કોલસાથી ચાલતા થર્મલ પાવર પ્લાન્ટમાંથી નીકળતો ધુમાડો, કાર્બન ડાયોક્સાઇડ, સલ્ફર અને નાઇટ્રોજનના ઓક્સાઇડ હવાને પ્રદૂષિત કરે છે. તેનાથી ગ્લોબલ વૉર્મિંગ, આબોહવા પરિવર્તન, અકાળે વરસાદ અને સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓ ઊભી થાય છે. આ ઉપરાંત, આ સ્ત્રોતો મર્યાદિત છે. એક દિવસ તે ખૂટી જવાના છે. તેથી, જો આપણે આપણી આવનારી પેઢીને સ્વચ્છ હવા અને સુરક્ષિત પર્યાવરણ આપવું હોય, તો ઊર્જા ઉત્પાદનના માળખામાં મૂળભૂત પરિવર્તન લાવવું અનિવાર્ય છે. આ પરિવર્તનનું નામ છે - સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા.નવીનીકરણીય ઊર્જા એટલે એવી ઊર્જા જે કુદરતમાંથી સતત મળતી રહે છે અને ક્યારેય ખૂટતી નથી. તેમાં સૌથી મહત્વના બે સ્ત્રોતો છે - સૂર્ય ઊર્જા અને પવન ઊર્જા.સૂર્ય ઊર્જા એ ભારત માટે વરદાન સમાન છે. આપણા દેશમાં વર્ષના લગભગ ૩૦૦ દિવસ સૂર્યપ્રકાશ પુષ્કળ પ્રમાણમાં મળે છે. સોલાર પેનલ દ્વારા સૂર્યપ્રકાશને સીધો વીજળીમાં ફેરવી શકાય છે. આ પ્રક્રિયામાં કોઈ ધુમાડો, કોઈ અવાજ કે કોઈ કચરો પેદા થતો નથી. એક વખત પેનલ લગાવ્યા પછી, વર્ષો સુધી મફત અને સ્વચ્છ વીજળી મેળવી શકાય છે. ખેતરોમાં સોલાર પંપ, ઘરની છત પર સોલાર રૂફટોપ અને મોટા સોલાર પાર્ક આજે આનું ઉત્તમ ઉદાહરણ છે.બીજો મહત્વપૂર્ણ સ્ત્રોત છે પવન ઊર્જા. દરિયા કિનારે અને ખુલ્લા મેદાનોમાં વાતા ઝડપી પવનની મદદથી વિન્ડ ટર્બાઇન ફેરવીને વીજળી પેદા કરી શકાય છે. ગુજરાત અને તમિલનાડુ જેવા રાજ્યો પવન ઊર્જા ઉત્પાદનમાં દેશમાં મોખરે છે. ખાસ કરીને કચ્છના માંડવી અને જામનગરના દરિયાકાંઠે લાગેલા વિશાળ પવનચક્કીઓ સ્વચ્છ ઊર્જાના પ્રતીક સમાન બની ગઈ છે.આ બંને ઊર્જાસ્ત્રોતોના ફાયદા અનેક છે. સૌથી મોટો ફાયદો એ છે કે તે પર્યાવરણને નુકસાન પહોંચાડતા નથી. તેનાથી કાર્બન ઉત્સર્જન ઘટે છે, હવા શુદ્ધ રહે છે અને આબોહવા પરિવર્તનને અંકુશમાં રાખવામાં મદદ મળે છે. બીજું, આ ઊર્જા સ્ત્રોતો સ્થાનિક સ્તરે ઉપલબ્ધ છે, જેથી વિદેશમાંથી મોંઘા ક્રૂડ ઓઇલ કે કોલસાની આયાત પરની નિર્ભરતા ઘટે છે, જે દેશની આર્થિક સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે. ત્રીજું, તે ઊર્જા સુરક્ષા પ્રદાન કરે છે. ગામડાના છેવાડાના ઘર સુધી પણ સૂર્ય ઊર્જાથી વીજળી પહોંચાડી શકાય છે.આ દિશામાં ભારત સરકાર અને ગુજરાત સરકારે પ્રશંસનીય પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારની 'પીએમ સૂર્ય ઘર - મફ્ત વીજળી યોજના' હેઠળ ઘરની છત પર સોલાર લગાવવા માટે સબસિડી આપવામાં આવે છે. 'પીએમ કુસુમ યોજના' હેઠળ ખેડૂતોને સોલાર પંપ માટે સહાય મળે છે. ગુજરાત સરકારે તો સોલાર પોલિસીમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. ચારણકાનો વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક અને પાટણનો સોલાર પાર્ક તેના ઉત્તમ ઉદાહરણો છે.જોકે, હજુ પણ કેટલાક પડકારો છે. સોલાર પેનલ અને વિન્ડ ટર્બાઇન લગાવવાનો શરૂઆતનો ખર્ચ વધુ લાગે છે, વીજળીનો સંગ્રહ કરવા માટે અદ્યતન બેટરીની જરૂર પડે છે અને લોકોમાં હજુ પૂરતી જાગૃતિનો અભાવ છે.

## કેમેરાની ફ્રેમમાં જ નહીં, જોનારના હૃદયમાં પણ રંગો ભરી દેતી તસ્વીર...



ક્લિક કોર્નર

- જયદીપ એ. દવે.


ફકત કેમેરાની ફ્રેમમાં જ નહીં પણ જોનારના હૃદયમાં રંગો ભરી દે એવી આ ભાવ. - સોમનાથ હાઈવે પરના ગામની તસવીર પ્રકૃતિની સર્જનશીલતાનો ઉત્તમ નમૂનો કહી શકાય. ઘડીક બાળક જેવા તોફાની તો ક્યારેક પીઢ વડીલ જેવા દેખાતા શ્રાવણી વાદળો,ઉર્જા વેરતી પવનચક્કીઓ, ધ્યાનસ્થ ઋષી જેવી અડગતાથી ઊભેલી ડુંગરમાળા અને વરસાદી વ્હાલ ઝીલી લીલીછમ્મ ભાસતી ધરાના સાયુજ્યથી ઊભરેલું આ બહુરંગી લેન્ડ સ્કેપનું દ્રશ્ય આપણા મનના ઈન સ્કેપને બદલી નાખવા સક્ષમ છે.

## શ્રાવણમાં શિવ-શક્તિની ભક્તિ

વિશેષ

આદિકાળથી સ્ત્રી શક્તિનો મહિમા દેવો અને મનુષ્યો દ્વારા ભરપેટ ગવાયો છે. દેવોના દેવ મહાદેવ પણ માને છે કે પ્રાણીમાત્રના દેહમાં આ શક્તિ રહેલી છે. આવી અલૌકિક દેવી શક્તિના કારણે જ ગૌતમ ઋષિના પત્ની અહલ્યા, પાંડવોના પત્ની દ્રોપદી, ભગવાન રામચંદ્રના પત્ની માતા સીતા, હરિશ્ચંદ્રના પત્ની તારામતી તથા રાજા રાવણના પત્ની મંદોદરી જેવી પાંચ મહાસતીઓના નામ માત્રનું રોજ સ્મરણ કરતાં મોટા પાપનો નાશ થાય છે. આદ્ય શંકરાચાર્યજીને પણ સાક્ષાત દેવીનો અનુભવ થતાં, અદ્વૈતવાદ પૂરવાર કરીને માનવું પડયું કે, 'હે મા, જે ચિતાની ભસ્મ આખા શરીરે લગાડે છે, જે હમેશાં વિષ ખાય છે, જે નગ્નાવસ્થામાં રહે છે, જે ગળામાં સર્પોની માળા ધારણ કરે છે, જે કપાલ ધારણ કરે છે એવા ભૂતોના અધિપતિ અને પશુઓના પતિ મહાદેવે જગદીશ્વરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે હે ભવાની મા! ''તમારી સાથે લગ્ન કર્યું તેનું જ ફળ છે.'' વળી ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરીને ક્ષમા માગતા કહે છે કે 'કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા નભવતિ.' પૂત્ર કપૂત થાય છે પરંતુ માતા કુમાતા થતી નથી. આવી પ્રચંડ સ્ત્રી શક્તિનો પરચો આદિદેવ ભગવાન આશુતોષને પણ માતા પાર્વતી સાથેના પ્રથમ સંપર્કમાં જ થયો હતો.

પવિત્ર શ્રાવણમાસમાં પરમકૃપાળું પરમેશ્વરની અસીમકૃપાથી જ તેના શરણમાં જઈ યથાશક્તિ આરાધના થાય છે. દ્દઢ વિશ્વાસ, શ્રધ્ધા અને સાચા હૃદયથી કરેલી ભક્તિ અવશ્ય ફળ આપી જીવનને ધન્ય બનાવે છે કારણ કે મંત્ર આધિન દેવતા ચાર પ્રકારના પુણ્યશાળી માણસો શિવજીને ભજે છે તે દુઃખી, જિજ્ઞાસુ, અર્થની ઈચ્છાવાળો અને જ્ઞાની.તપમાં સદા તત્પર, વિરક્ત, પ્રસિદ્ધ યોગી, નિવૃત્તિરૂપ ઉત્તમ માર્ગમાં રહેનાર, પોતાના આત્મામાં રમનાર, નિર્લેપ, યોગદ્વારા આનંદમાં રહેનારા, અવધૂત શરીર ધારણ કરનાર, જ્ઞાની, આત્મદ્દષ્ટા, કામરહિત એવા ભોળા શિવજીને સ્ત્રીનું શું કામ છે? પરંતુ વિશ્વ કલ્યાણ અર્થે બ્રહ્માજીએ સર્વ દેવો સહ કરેલી પ્રાર્થનાથી મહાદેવ લગ્ન કરવા સહમત થયા. બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજાપતિ અને તેની પત્ની વીરિણીના ગૃહે આદ્યશક્તિ માતા જગદંબાએ સતી નામે જન્મ લીધો. તેઓ શિવના પ્રથમ પત્ની સતી નામે થયા. માતા સીતાને લક્ષ્મણ રેખા ઓળંગવાથી રામનો વિયોગ થયો તે જ પ્રમાણે શિવ વચન પર ચિત્તમાં ભ્રમ કરવાથી સતીને મહેદાવનો વિયોગ થયો હતો. પોતાના પતિ શિવનું પિતા દક્ષ દ્વારા થયેલ અપમાન સહન ન થતાં દેવી સતીમાતાએ કનખલ ક્ષેત્રમાં યોગમાર્ગે યરીકુંડ સમીપ દેહત્યાગ કર્યો. વિનાશકાળે વિપરીત બુદ્ધિ થવાથી દક્ષે શિવનો દ્રોહ કરી કોપ વહોરી લીધો. અફસોસ, શંકરને અતિપ્રિય અને તેમના દૈવતરૂપ દેવીસતીએ પ્રાણ છોડયા! કયા અતિદુષ્ટ પુરુષે તેમને કોપાવ્યા? ત્યારબાદ શિવ સતીદેવીના વિરહમાં અતિશય દુઃખી રહેવા લાગ્યા પરંતુ જન્મોજન્મના સાથી એવા શિવને પામવા સતીમાતાએ ફરી હિમાલય અને તેના પત્ની મેનાને ત્યાં કાલીરૂપે જન્મ લીધો જયાં તેઓ પાર્વતી રૂપે પૂજાયાં. ભગવાન શિવ ગૌર વર્ણ ધરાવે છે જ્યારે બંને દેવીઓ શ્યામવર્ણના હતા.માતા પાર્વતી હિમાલયને ઘેર જ્યારે આઠ વર્ષના થયા ત્યારે સતીના વિરહથી વ્યાકુળ રહેતા શિવ, દેવીનો જન્મ જાણી, એ અદ્ભૂત દેવીને હૃદયમાં ચિંતવી અત્યંત આનંદ પામ્યા. તેઓ એકાગ્રમનેતપ કરવા ગંગાવતાર નામના હિમાલયના શિખર પર ગયા. ત્યાં રહી જિતેન્દ્રીય શંકરે તપ કરવાનો આરંભ કર્યો અને સાવધાન થઈ પોતાના આત્માનું એકાગ્રચિંતન કરવા માંડયું. પ્રભુ શિવને પોતાના ધામમાં આવેલા જાણી અતિશય આનંદિત થઈ, નમ્રતાપૂર્વક હિમાલય પૂજનસામગ્રી સાથે સહપરિવાર રુદ્રના દર્શન કરવા ગયા ત્યારે સ્તુતીથી પ્રસન્ન થયેલા ભોળા મહેશ્વર બોલ્યા કે એકાંતે તપ કરવા તારા શિખર પર હું આવ્યો છું તેથી કોઈપણ અહીં પાસે ન આવે તેમ તમારે કરવું. પર્વતરાજ હિમાલયે નમન કરી કહ્યું કે આપની મારા પર કૃપા હોય તો બે સહિયર સાથે આવેલી મારી પુત્રીને આપની સેવા કરવા દો. ત્યારે યુવાવસ્થામાં આવેલા માતા પાર્વતીને જોતાં ખૂબ જ વિચારીને શિવે આ વચન કહ્યું,'હે પર્વતરાજ પોતાની પુત્રીને ઘેર રાખી તારે કાયમ મારા દર્શન માટે આવવું નહીંતર મારું દર્શન નહી થાય.' હિમાલયે નમ્રતાથી કારણ પૂછતાં શિવ બોલ્યા, આ છોકરી કુંવારી છે વળી સર્વ શુભ લક્ષણોથી યુક્ત સુંદર



છે તેથી જ વિદ્વાનોએ સ્ત્રીને માયારૂપ કહી છે અને તેમાંય જુવાન સ્ત્રી તો તપસ્વીઓને ખાસ કરી વિઘ્ન કરનારી થાય છે તો મારા સંબંધમાં આવનારી સ્ત્રી સાથે મારે શું કામ છે?આ બધું શાંત ચિત્તે સાંભળી મહાદેવને પ્રણામ કરી માતા પાર્વતી આવું નિર્મમ વચન બોલ્યા, આપ મહાત્માને તપ કરવા જે આ બુદ્ધિ થઈ છે એ જ સર્વ કર્મોની શક્તિ, પ્રકૃતિ જાણવી એ પ્રકૃતિ વડે જ બધું રચાય છે, થવાય છે અને સંહારાય છે.

## એઆઇના પડછાયામાં એક યુગ આથમી ગયો

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

**એક સમય હતો જ્યારે સમયે જીવનની ગતિ ધીમી હતી, પણ તે ધીમી ગતિમાં એક અજબ પ્રકારની મીઠાશ અને સંતોષ હતો. સવારની શરૂઆત એલાર્મની ચિંતાથી નહીં, પણ પંખીઓના અવાજથી થતી હતી. લોકો પાસે સમય હતો. પાડોશીના ઘરે જઈને બેસવાનો સમય હતો, પરિવાર સાથે નિરાંતે જમવાનો સમય હતો અને સાંજે ચોરા પર ભેગા થઈને ગામગપાટા કરવાનો સમય હતો. જીવનમાં સુવિધાઓ ઓછી હતી, પરંતુ સુખની અનુભૂતિ વધુ હતી**

સ્મૃતિના ઝરૂખેથી દેખાતું તે મધુર જીવન હવે ફરી જોવા નહીં મળે.તે કાળને જો સાહિત્યની નજરે તપાસીએ તો તે માત્ર જીવન નહોતું, એક કવિતા હતી. જ્યાં સંબંધોની શાહીથી રોજિંદા વ્યવહારો લખાતા હતા. માણસ પોતાના હાથ અને હૃદય બંનેથી કામ કરતો હતો. ખેતરમાં પરસેવો પાડતો ખેડૂત, લાકડામાંથી કલા કંડારતો સુથાર કે ખાતાવહીમાં મોતી જેવા અક્ષરે હિસાબ લખતો વેપારી, દરેકના કામમાં તેના વ્યક્તિત્વની સુગંધ હતી. તેમની આવડત જ તેમની ઓળખ હતી, કોઈ સર્ટિફિકેટ નહીં. યાદશક્તિ એટલી પ્રબળ હતી કે સો-સો લોકોના ફોન નંબર અને ગામના ચોરા રસ્તાઓ મનમાં જ અંકાયેલા રહેતા. રાહ જોવાની કળા માણસે ત્યારે જ શીખી હતી, જ્યારે ટપાલનો ઉત્તર આવતા અઠવાડિયા લાગતા હતા. આ ધીરજે જ માણસને ઘડ્યો હતો. સૌથી મોટી સમૃદ્ધિ એ હતી કે માણસ પોતાના મસ્તિષ્કનો સ્વામી હતો. તે જાતે વિચારતો, જાતે કલ્પના કરતો અને જાતે જ નિર્ણય લેતો. ભૂલો થતી, પણ તે ભૂલો જ તેની ગુરુ બનતી. સાંજ પડે ચૂલાના ધુમાડા સાથે વહેતી વાતોમાં જે હૂંફ હતી, તે આજના વાઈફાઈના સિગ્નલમાં ક્યાંય ખોવાઈ ગઈ છે.

